ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૩-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

આસ્થા કબૂલ, પણ ભગવાનના મંદિરમાં મરી જવાની જરૂર ખરી? ભગવાન કરતાં જીવન વધુ કિંમતી છે

ડાકોર જેવાં શ્રધ્ધાસ્થાનકોમાં તહેવારોમાં થતો ઘસારો વરસોવરસ વધતો રહે છે. લોકો એમની અઠંગ શ્રધ્ધમા અને આસ્થાના બળ પર માઇલોના માઇલો પગપાળા ચાલીને રણછોડરાયના ફૂલદોલ ઓચ્છવમાં હાજરી પુરાવી કૃતકૃત્યતા અનુભવે છે. એમાં દસ વરસના બાળકોથી લઇ નેવું ઉપર પહોંચેલાં શ્રધ્ધાવાન મોટેરાંનો સમાવેશ થાય છે. આપણાં મંદિરોમાં દેવદેવીઓની મૂર્તિઓને જીવંત માનવીય સ્વરૂપે જોવાની પરંપરા છે. એથી એમને વિવિધ પ્રકારે લાડ લડાવાય છે. જગાડાય છે, જમાડાય છે, પોઢાડાય છે. વિવિધ પ્રકારનાં શૃંગાર કરાવાય છે, ભોગ ધરાવાય છે. આ બધો કર્મકાંડ મૂળે તો દેવ પ્રત્યેની ઊંડી આસ્થામાંથી જ પ્રગટતો હોય છે. પંડા પૂજારીઓ એમાં પોતાની રમણીય કલ્પનાઓ ઉમેરતા રહે છે અને મંદિરના ચમત્કારોની અવનવી ગાથાઓ રચાતી રહે છે. આસ્થાના જોરે જીવતી આપણી ભલીભોળી પ્રજા માટે ધર્મ અને ઇશ્વરથી ઉપર કોઇ ચીજ નથી. ઇશ્વરને રાજી રાખવા માટે એ ગમે તેવાં કષ્ટો સહેવા તૈયાર થાય છે. એવું નથી કે દ્વારકાના જગતમંદિરમાં જન્માષ્ટમી ઊજવીએ તો જ કાનુડો રાજી થાય કે શિવરાત્રીના દિવસે જ દર્શન કરવાથી મહાકાળની કૃપા પ્રાપ્ત થાય. પરંતુ પ્રજામાં વિશેષ દિવસોનો - તહેવાર અને પર્વના પ્રસંગોનો ખાસ મહિમા છે. તેથી ભાદરવી પૂનમના દિવસે જ અંબાજીનાં દર્શન થઇ જાય તેનો એને મન ભારે લહાવો લેખાતો રહ્યો છે. ડાકોરનાં રણછોડરાય બારે માસ દર્શન આપવા તૈયાર બેઠા હોય છે, પરંતુ ફાગણ સુદ પૂનમનો ફૂલદોલ ઓચ્છવ કંઇ અનેરો ગણાયો રહ્યો છે. આપણે 'ચાલુ' દિવસે ગંગાસ્નાન કરીએ અને કુંભગર્વના ખાસ દિવસોમાં ડૂબકી લગાવીએ એમાં વધુ આસાયેશ અને મોકળાશ તો આડા દિવસના સ્નામાં રહે પરંતુ મકરસંક્રાતિ કે મૌની અમાવસ્યાના સ્નાનને જે રીતે મહિમામંડિત કરાયું છે તેનાથી સૌ કોઇ આકર્ષણ અનુભવે છે. પછી જે ટોળાં જામે છે, ધક્કામુક્કી અને દોડભાગ થાય છે એના વિપરીત પરિણામો આપણે ભોગવવાં પડે છે, આ વખતે મૌની અમાવાસ્યાના દિવસે અલ્હાબાદ રેલ્વે સ્ટેશને કુંભ સ્નાન પછી પરત ફરી રહેલા યાત્રાળુઓ સાથે જે દુર્ઘટના ઘટી તે ભલભલાનું કાળજું કંપાવી દે તેવી હતી. પરંતુ તેવી ઘટનાઓ આપણા ઇશ્વર પરાયણ દેશમાં વરસોવરસ ઘટતી રહે છે. ક્યારેક નેપાળના પશુપતિનાથનાં પ્રાંગણમાં, ક્યારેક નૈનાદેવીનાં મંદિરમાં તો ક્યારેક હરિદ્વાર કે નાશિક ખાતે કુંભ નિમિત્તે. ક્યારેક આવો સામૂહિક નરસંહાર મહાકાલનાં આંગણે સાકાર થતો હોય છે તો ક્યારેક ગુવાહાટીના કામાખ્યા દેવીનાં મંદિરે લોહી રેડાતું હોય છે. જાણે માણસ બલિદાન માટેનું લાચાર જાનવર ન હોય! એ સતત વધેરાતો રહે છે. વર્ષો પહેલાં જગન્નાથપુરીની રથયાત્રા પ્રસંગે રથનાં મહાકાય પૈડા નીચે કચડાઇ મરતા શ્રધ્ધાળુઓનું દૃશ્ય નિહાળી વિદેશી પ્રવાસીઓએ ભગવાન જગન્નાથના રથને 'શૈતાનનો રથ' લેખાવ્યો હતો. માણસના જીવનની જાણએ કશી કિંમત જ ન હોય એમ એ આંધળી શ્રધ્ધાના ભાર તળે દબાતો, પિલાતો અને કચડાતો રહ્યો છે. ડાકોરના ઠાકોર તો દયાનિધિ છે. એમનાં સાંનિધ્યમાં ઊમટતી ભીડને એટલું કેમ નહીં સમજાતું હોય કે જે પ્રગટ પરમાત્મા આપણા હૈયાના ગોખમાં બિરાજે છે, એનાં દર્શન કરવાની લાયમાં આપણે ખુદ એનો જ ખુરદો બોલાવતા રહીએ છીએ.

ઉદ્‌ગમ દ્વારા જાતીય સતામણી વિષય પર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્ર સતત કાર્યશીલ ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ગાંધીનગર જી.ઈ.બી. ખાતે કામના સ્થળે જાતીય સતામણી વિષય પર વર્કશોપ યોજાયો હતો. બહેનોને જાતીય સતામણી અંગેની પ્રાથમિક સમજ તથા જાતીય સલામતીને લગતા કાયદાની જાણકારી આ પ્રસંગે તજ્ઞો દ્વારા આપવામાં આવી હતી અને બહેનોને સામુહિક જાગૃતિ લાવવા જણાવ્યું હતું.

આ વર્કશોપમાં આઈ.જી.પી વુમેન્સ સેલ એન્ડ સી.આઈ.ડી. ક્રાઈમ ગુજરાત રાજ્યના અનિલ પ્રથમ, જીસેક્ટ ગાંધીનગરના ચીફ એન્જીનિયર અધ્વર્યુ, એડવોકેટ મીના જગ્તાપ, પી.એસ.આઈ. ગાંધીનગર અંજનાબા ચૌહાણ, ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોષી તેમજ જાતીય સતામણી કમિટિના મેમ્બર પરમજીત છાબડા ઉપસ્થિત રહ્યા હતા.

આઈ.જી.પી. વુમેન્સ સેલ એન્ડ સી.આઈ.ડી. ક્રાઈમ ગુજરાત રાજ્યના અનિલ પ્રથમે બહેનોને જાતીય સતામણી અંગેની પ્રાથમિક સમજ આપી હતી. તેમજ એડવોકેટ મીના જગ્તાપે જાતીય સલામતીને લગતા કાયદાનો વિગત વાર બહેનોને સમજ આપી અને જણાવ્યું હતું કે કાયદાની જાણકારી ખૂબજ ઓછી છે તેથી કાયદો જાણો અને જણાવો અને જાતીય સતામણી કમિટિ શું છે તેની બહેનોને વિગત વાર સમજ આપી હતી. જીસેક્ટ ગાંધીનગરના ચીફ એન્જીનિયર અધ્વર્યુએ બહેનોએ પોતાની સલામતી રાખવાના વિવિધ મુદ્દા પર માર્ગદર્શન આપ્યુ હતું. પી.એસ.આઈ. ગાંધીનગર અંજનાબા ચૌહાણએ પણ બહેનોએ આ અંગેની સામુહિક જાગૃત્તિ લાવવી પડશે તેવું સૂચવ્યું અને ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોષીએ બહેનોને સન્માન મળવું જોઈએ અને કુટુંબમાં ભાવભર્યું વાતાવરણ ઉભુ કરવાની પ્રેરણા આપી હતી. અંતે જાતીય સતામણી કમિટિના મેમ્બર પરમજીત છાબડાએ બહેનોની સલામતી માટે જાતીય સતામણી કમિટિની રચના કરવાનું જણાવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પણ ભારે જહેમત ઉઠાવી હતી.

જીટીયુમાં સીસીસીની પરીક્ષા આજથી આરંભાશે

જીટીયુ દ્વારા ૧૩ શહેરોમાં પરીક્ષા સેન્ટરો ઉભા કરાયા થિયરી અને પ્રેક્ટિકલ બંને માટે પરીક્ષા ઓનલાઈન લેવાશે

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આગામી ૨૯, ૩૦ અને ૩૧ માર્ચ દરમિયાન કોર્લ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટની પરીક્ષા લેવામાં આવશે. આ માટે જીટીયુ દ્વારા ૧૩ શહેરોમાં પરીક્ષા સેન્ટરો બનાવવામાં આવ્યા છે. આ પરીક્ષા થીયરી અને પ્રેક્ટીકલ એમ બન્ને ઓનલાઈન યોજાશે. આ અગાઉ જીટીયુ દ્વારા ગત વર્ષ સીસીસી પરીક્ષા લેવાઈ હતી. ત્યારબાદ પ્રથમ વખત સીસીસીની પરીક્ષા લેવાઈ રહી છે. સરકારી નોકરીઓમાં બઢતી માટે ફરજીયાત ગણાતી સીસીસીનું પરીક્ષા જીટીયુ દ્વારા લેવાની જાહેરાત કરવામાં આવી છે. આ પરીક્ષામાં બેસનારા ઉમેદવારીની યાદી તૈયાર કરી દેવામાં આવે છે. આ યાદીમાં જેમના નામનો સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ આઈટીઆઈના જે કેન્દ્રો ઉપર પોતાના ફોર્મ ભરેલા હોય તે ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરી ફોટા સાથેનું એડમીટ કાર્ડ મેળવી લેવાનું રહેશે. તેમજ જેઓના નામનો સમાવેદ થતો નથી. તેવા ઉમેદવારઓએ આઈઆઈટીના કેન્દ્ર ખાતે સીસીસીની પરીક્ષા માટેનું નિયત પત્રક જમા કરાવેલ છે. તેવા કર્મચારીએ જરૂરી પરીક્ષા ફી ભરી હવે યોજાનારી પરીક્ષા માટે સંમતીપત્ર આપવાનું રહેશે. સીસીસીની પરીક્ષા અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભાવનગર, મહેસાણા, રાજકોટ, કડી, જામનગર ખાતેના સેન્ટર પરથી લેવામાં આવશે. પરીક્ષામાં બેસનારા કર્મચારીઓની યાદી, પરીક્ષાની તારીખ, કેન્દ્ર અને સમય વગેરેની વિગતો વેબસાઈટ ઉપરથી મળી શકશે. પરીક્ષા સમયે ઉમેદવારોએ ફરજીયાત પણે પોતાનું ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. નહીતો પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. આ ઉપરાંત પરીક્ષા ખંડમાં મોબાઈલ, કે કોઈપણ ઈલેક્ટ્રીકલ સાહિત્ય લઈ જવા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે.

લોકડાયરો - ગાંધીનગર લોકસાહિત્ય પરિવાર દ્વારા મંગળવારની સાંજે જાજરમાન ડાયરો યોજાયો હતો. લોકસાહિત્યના જાણીતા કલાકારો બિહારી હેમુ ગઢવી, ભારતી વ્યાસ, ધીરૂભાઈ સરવૈયા અને જાણીતા કલાકારોએ ડાયરાની જમાવટ કરી હતી. દુહા, છંદ અને વાર્તાઓ દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. ગાંધીનગર લોકસાહિત્ય પરિવાર દર વર્ષે લોકસાહિત્યના નોખા-અનોખા કાર્યક્રમો યોજી ભાતીગળ પરંપરા જાળવે છે.

આદરજ મોટી પ્રાથમિક કુમાર શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા કક્ષાનો બાળ સાંસ્કૃતિક કાર્યક્રમ દહેગામ તાલુકાનાં અત્રોલી ગામે યોજાયો હતો. આદરજ મોટી પ્રાથમિક કુમાર શાળાના બાળ કલાકારોએ રાસમાં સુંદર દેખાવ કરી રાસની કૃતિમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. સરપંચ, આચાર્ય, એસ.એમ.સીના. અધ્યક્ષએ અભિનંદન પાઠવેલ હતા.

જીઈઈની પરીક્ષા તૈયારીઓ કરાવતી સંસ્થાઓનો રાફડો

અમદાવાદ, તા. ૨૮

ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને એન્જિનિયરીંગમાં પ્રવેશ મેળવવા માટે જીઈઈની પરીક્ષા ફરજીયાત છે અને આ વર્ષે સાત એપ્રિલના રોજ જીઈઈની પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને લઈ જીઈઈની પરીક્ષાની તૈયારીઓ કરાવતી ટ્યુશન ક્લાસીસોનો અમદાવાદમાં રાફડો ફાટ્યો છે. માત્ર ૧૨ દિવસમાં કોર્ષ પુરો કરવાની ગેરંટી આપી વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૧૨ હજાર જેટલી માતબર ફી ઉઘરાવીને ઉઘાડી લુંટ ચલાવવામાં આવી રહી છે. હજી ૨૩ માર્ચના ધોરણ-૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ છે. ત્યારે સાત એપ્રિલના વિદ્યાર્થીઓને એન્જિનિયરીંગના પ્રવેશ માટે મહત્વની એવી જીઈઈની પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી છે. આટલા ટુંકા ગાળામાં જીઈઈ જેવી કારકિર્દીની દૃષ્ટિએ મહત્વની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુંહોવાથી તૈયારી કઈ રીતે કરવી તે બાબતને લઈ વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાઈ ગયા છે. એકબાજુ હજી વિદ્યાર્થીઓ પાસે પરીક્ષાની તૈયારીઓ માટે પર્યાપ્ત સાહીત્ય પણ નથી. ત્યારે બોર્ડની પરીક્ષા બાદ માત્ર ૧૨ દિવસમાં પરીક્ષાની તૈયારી કરવાનું આવતાં વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાઈ ગયા છે. વિદ્યાર્થીઓની આ મુંઝવણ અને મજબુરીનો લાભ લઈને અમદાવાદ શહેરમાં જીઈઈની પરીક્ષાની તૈયારીઓ કરાવતી ટ્યુશન ક્લાસીસોનો રાફડો ફાટ્યો છે. આ ટ્યુશન ક્લાસીસો દ્વારા વિદ્યાર્થીઓને માત્ર ૧૨ દિવસમાં જીઈઈની પ્રમાણમાં અઘરી ગણાતી પરીક્ષાનો કોર્ષ પુરો કરવાની ગેરંટી આપવામાં આવે છે અને બદલામાં રૂપિયા ૧૨ હજારની માતબર ફી વિદ્યાર્થી દીઠ ઉઘરાવવામાં આવી રહી છે.

મને ઇસુની નિર્દોષતાની ખબર હતી, તેઓ કરૂણા અને ક્ષમાની મૂર્તિ હતા

હું કૂરેન ગામનો સુથાર. મારૂં નામ સિમોન. લોકો મને કૂરેનના સિમોન તરીકે ઓળખતા. ઇમારતી લાકડામાંથી રાચરચીલું બનાવવાનો અમારા બાપદાદાનો ધંધો હતો. આમ તો અમારૂં ગામ કૂરેન નાનું. પરંતુ પાસે યેરૂશલેમ શહેર હોવાથી, રોજીરોટી માટે હું ત્યાં જતો. તે જમાનામાં ગોઝારા ગુનેગારો માટે, ગુનેગારોને ક્રોસ પર જડવાની ક્રૂર શિક્ષા કરાતી હતી. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર વિરોધી આતંકીઓને મૃત્યુદંડની સજાનો આખરી અંજામ લાકડાના ક્રોસ પર કરવામાં આવતો હતો. કટોકટીની પળોમાં મને ક્રોસ બનાવવાનો આદેશ મળતો. મારા બનાવેલા ક્રોસ પણ ઘણા ગૂનેગારો કાળનો કોળિયો થઇ જતા. મેં ઘણા ક્રોધ બનાવ્યા હતા. પણ ઘણીવાર એ બનાવતી વખતે, મને દોષિતો પ્રત્યે કરૂણા ઉપજતી હતી. એટલે હું હલકા વજનવાળા ક્રોસ બનાવતો હતો. પરંતુ આ વખતે પાસ્ખા પર્વની પખવાડિયા પહેલાં ઊંચકાઇ નહીં તેવો ભારે વજનદાર ક્રોસ બનાવવાનો સરકારી આદેશ મને મળ્યો હતો.

ક્રોસ બનાવવાનું મારૂં કામ ચાલતું હતું. તે વખતે બારાબાસ નામનાં એક ખૂંખાર લૂંટારાનો કેસ કોર્ટમાં ચાલતો હતો., રોમન સરકારની સમર્થ રાજયસત્તાની સામે ચળવણ ચલાવનારી ગેંગનો તે સરદાર હતો. તે દગાખોર હતો. તેના આતંકથી લોકોમાં હાહાકાર મચી જતો. તેની સામે બાથ ભીંડવી એટલે આગમાં કૂચી પડવા જેવું હતું. બારાબાસ લૂંટારાનું નામ સાંભળતાં જ લોકો થરથરતાં હતાં. લોકોની દૃષ્ટિએ ક્રોસ પર જડવાને પાત્ર હતો.

માણસે આચરવાના સિતમ અને સતામણીની સીમા હોય છે. આતંકવાદી ગમે તેટલો મોટો હોય, પરંતુ તે અંતે તો પકડાઇ જ જાય છે. એ પ્રમાણે લશ્કરના જવાનોની એક ટૂકડીએ સિફત પૂર્વક બારાબાસને ઝડપી પાડ્યો હતો. બારાબાસના સાગરીતોએ સૈનિકોને સામનો કર્યો પણ એ બધુ પાણીમાં ગયું. શિકારીઓએ ગોઠવેલી છટકારૂપી જાળમાં જેમ હિંસક પશુ પકડાઇ જાય છે, તેમ જવાનોનાં હાથમાં બારાબાસ ફસાઇ ગયો.

આ વખતે મારે ખૂંખાર લૂંટારા બારાબાસ માટે ક્રોસ બનાવવાનો હતો. તેણે સમગ્ર પ્રદેશ પર આતંક મચાવ્યો હતો. તે પકડાયો અને દોષિત ઠરાવાયો એટલે હવે મારો બનાવેલો ક્રોસ જ તેને ઊંચકવાનો અને ખભે લઇને ચાલવાનો થશે, એવું મેં નક્કી માની લીધું હતું. તેથી તે ક્રોસને ઊંચકતાં બારાબાસનો દમ નીકળી જાય એવા બાવળના વજનદાર લાકડાનો ક્રોસ મેં બનાવ્યો હતો. અને મેં આડા અને ઊભા લાકડા આઘાપાછા થાય નહીં તે માટે મેં તેનાં કચકચાવીને તીક્ષ્ણ ખીલા લગાવીને સજ્જડ કર્યો હતો. મને હાશ થઇ કે હવે બારાબાસને મારો ક્રોસ ઊંચકવાનો ભારે પડી જશે. તે તોબા પોકારશે. વળી તે પડતો, અથડાતો ચાલતા અને ઊંચા ઊભા ક્રોસ પર લટકતો જોઇને લોકો બોલી ઉઠશે, 'બારાબાસ લૂંટારો, સજ્જડ સાણસામાં સપડાઇ ગયો છે.' તે આજ લાગનો હતો.

પણ મારી ધારણા ખોટી પડી, બધું જ અવળું થયું. પાસ્ખા પર્વ નિમિત્તે એક દ્રોહીને જતો કરવાની પરંપરા ચાલતી આવેલી હતી. તેનો લાભ બારાબાસને અપાયો. અને તે છૂટી ગયો. તેજ અરસામાં મસીહા ઇસુ ગુરૂને પણ પકડવામાં આવ્યાં હતા.

ઇસુને ગૂનેગાર બનાવી ન્યાયાધીશ પિલાતુલ સમક્ષ આરોપીઓના કઠેડામાં ખડા કર્યા હતા. પિતાલુસ જાણતા હતા કે આ દોષારોપણ વજુદ વિનાનું હતું. તે ઇસુને મુક્ત કરવા ઇચ્છતા હતા. પરંતુ લોકોના ટોળાએ કાનના પડદા ફાટી જાય એવા ઊંચા અને ઉગ્ર શોરબકોર સાથે ઇસુને બદલે બારાબાસ લૂંટારાને છોડી મૂકવાના સૂત્રો પોકાર્યા. પિલાતુસ ગભરાયો. તેમને પોતાની ન્યાયાધીશની ખુરશી હાલકડોલમ થતી જણાઇ. પોતાની ખુરશી ટકાવી રાખવા માટે બારાબાસને છૂટો કરી દેવો પડ્યો. શેતાનના હાથા બનેલા લોકોને જોશીલો જુવાળ જોઇને પિલાતુસ ઢીલા પડી ગયા.

બંધન મુક્ત થયેલા બારાબાસને લીધે મારા મોતિયા મરી ગયાં હતા. ખાસ હેતુપૂર્વક બનાવેલો મારો ક્રોસ નિરર્થક થશે, તેથી મારૂં અંતઃકરણ દુઃભાઇ ગયું. ઘડીના છઠ્ઠા ભાગમાં મારા અફસોસમાં સંવેદના તીવ્ર બની કેમ કે, હવે એ ક્રોસ પર ઇસુને જડાવવાના હતા. હું હેબતાઇ ગયો. હું મારી સંવેદનાને વશમાં રાખી શક્યો નહીં. ક્રોસ બનાવતી વેળાએ મેં હથોડાનાં ઘા કર્યા હતા. તેનાં કરતાં વધારે ઘા મારા હૃદય પર ઠોકાવવા લાગ્યા. મેં સુથારે, જે મસીહા માટે ક્રોસ બનાવ્યો હતો તે ઇસુ મસીહા પણ સુથાર હતા. મને ઇસુની નિર્દોષતાની ખબર હતી. તેઓ કરૂણા અને ક્ષમાની મૂર્તિ હતા. મારા અફસોસની સંવેદના એની ચરમસીમા વટાવી ગઇ.

તે દિવસે મારૂં કામકાજ વહેલું આટોપી ભરબપોરે ઘર તરફ જતો હતો. ત્યાં યેરૂશલેમના માર્ગમાં ખભા ઉપર ભારે ક્રોસ ઊંચકીને ગોલગાથાનાં ડુંગરાનો કપડો ઢાળ ચઢતા ઇસુ ગુરૂ પર મારી દૃષ્ટિ પડી. હું સ્તબ્ધ થઇ શરમીંદો પડી ગયો. તેઓ આગળ વાંકા વળીને ખભે ક્રૂસ લઇને ધીમે ધીમે ચાલતાં હતા, તેમની દયાજનક દશાનું દૃશ્ય જોઇ હું દ્રવી ગયો. મેં કરૂણ આક્રંદ કરતાં કહ્યું : 'ઓ મારા ઇસુ ગુરૂ, મને માફ કરો. તમારે ઉચકવા પડેલા ભારે ક્રોસનો ઘડવૈયો હું છું. ભક્તિ કરવા માટે જોડવાના આ હાથનો ખોટો ઉપયોગ કરીને મેં ક્રોસ બનાવ્યો હતો. મારા આ હાથો ઠૂંઠા થઇ ગયા હોત તો કેવું સારૂં?'

એજ પળે કરૂણાથી છલકાતી ઇસુ ગુરૂની હેતાળ આંખો મારી સામે મંડાઇ. તેમના મમતાવાળા મુખમાંથી સરેલા નિરવ સુર મારા સાંભળવામાં આવ્યા. એ મધુર વાણીએ મારા શ્રવણતંત્રને હચમચાવી દઇ, મારા હૈયાને વલોવી નાખ્યું. જાણે ઇસુ મને કહી રહ્યાં છે કે, હે કલાકાર સુથાર સિમોન, તે કશું જ ખોટું નથી કર્યું, માનવ ઉદ્ધારના યજ્ઞના બલિદાનની યોજનામાં તુ મારો સહાયક થયો છે. તારો બનાવેલો ક્રોસ પર તો મારે જગતના પાપ નિવારણ અર્થે જડાઇ કુરબાન થઇ જવાનું દૈવી માધ્યમ છે. આ ક્રોસ વિશ્વમાં ચાગદાર બની રહેશે. તું શિત્રાપાત્ર નહીં, સન્માનપાત્ર છે, અફસોસ કરીશ નહિ.

હું વધારે સંવેદનશીલ થયો. પ્રભુને પ્રતિભાવ આપવાની મને કંઇ સૂઝ પડી જ નહીં. મેં તરત જ તેમનાં ખભેથી ક્રોસ મારા ખભે ઊંચકી ગોલગાથાના ડુંગરા ચઢવા લાગ્યો.મારા ભગ્ન હૃદયની વેદના આંખો દ્વારા ઉભરાઇ ગઇ. જે ક્રોસ મેં બનાવેલો, તે ઊંચકવામાં ઇસુને મદદ કરતાં મારી એક આંખમાંથી હર્ષના અને બીજી આંખમાંથી દર્દનાં આંસુ સરી પડ્યાં.

આજેય હું વિસ્મરી શક્યો નથી. ઇસુના ખભે વેદનામય ક્રૂસનો માર્ગ અને ક્રોસ પર જે કષ્ટો સહન કર્યા હતા. તેનું નિમિત્ત માત્ર હું ને હું જ હતો, મેં તે ક્રોસ બનાવેલો હતો.

ત્યારબાદ આ કૂરેનના સુથાર સિમોને ક્રોસ બનાવવાનું બંધ કરી દીધું હતું.

સંદર્ભ : મુરબ્બીશ્રી સુરેન્દ્રભાઇનાં 'ક્રૂસના સર્જક' લેખ પર આધારિત

કૂરેન ના સિમોનની સંવેદના : એકોક્તિ

- હસમુખ મેકવાન

કૂરેન નો સિમોન ઈસુ ને ક્રૂસ ઉંચકવામાં મદદ કરે છે

ગુડ ફ્રાઇડે કઇ રીતે નક્કી થાય છે?

ખ્રિસ્તી ધર્મનો તહેવાર ગુડ ફ્રાઇડે કઇ રીતે નક્કી થાય છે તે અંગે ઘણા જિજ્ઞાસુ વાચકોને પ્રશ્ન થયો હોય છે.

ગુડ ફ્રાઇડેની ગણતરી અંગે ગુજરાત ઋતુવિજ્ઞાન મંડળના માનદમંત્રી તથા પંચાગ ગણિતના અભ્યાસી ખગોળવિદ ભૂપેન્દ્ર નરસિંહભાઇ ધોળકીયા (વિરમગામવાળા) જણાવે છે કે ખ્રિસ્તીઓનાં ધાર્મિક પંચાગનો મુખ્ય આધારસ્તંભ ઇસ્ટર સન્ડે છે. આ ઇસ્ટર સન્ડે અંગ્રેજી કેલેન્ડરની કોઇ નિશ્ચિત તારીખે આવતી નથી. તા. ૨૧મી માર્ચ એટલે વસંત સંપાત-ખગોલીય વિષુવદિન. આ સવંત સંપાત દિન (૨૧ માર્ચ) પછી આવતી પૂનમથી પહેલો રવિવાર એ જ ઇસ્ટર સન્ડે. આમ કેલેન્ડરમાં તા. ૨૨ માર્ચથી તા. ૨૫ એપ્રિલ દરમિયાન ગમે ત્યારે ઇસ્ટર સન્ડે આવી શકે છે. ઇસ્ટર સન્ડેને દિવસ નક્કી થયા બાદ બાકીના ખ્રિસ્તી ધાર્મિક તહેવારો ઇસ્ટરના અમુક દિવસ આગળ કે પાછળ ગણીને નક્કી થાય છે. ઇસ્ટર સન્ડે પહેલાનો શુક્રવાર એટલે જ ગુડ ફ્રાઇડે.

ઇસુ ખ્રિસ્તનો વધ ગુડ ફ્રાઇડેના દિવસે કરવામાં આવ્યો છતાં પણ ત્રીજે દિવસે એટલે કે ઇસ્ટર સન્ડેના દિવસે તેમનાં અનુયાયીઓને સહેદ દર્શન આપ્યાં હોવાનું મનાય છે. ઇસ્ટર સન્ડે એટલે પ્રકાશનું પર્વ-મૃત્યુ ઉપરનાં વિજયનો તહેવાર હોવાથી ખ્રિસ્તી ધર્મમાં સૌથી મહત્વનો દિવસ છે. દેવળોમાં વિજયનાં ઘંટનાદ થાય છે. આનંદ અને ઉલ્લાસના ગીત 'એલ્લે લુયા' ગણાય છે.

હિન્દુ પંચાગની તિથિઓનો સમન્વય કરીએ તો ગુડ ફ્રાઇડે હંમેશાં સુદ તેરશથી વદ પાંચમ દરમિયાન જ આવે છે. જો ૨૧મી માર્ચનો દિવસ હુતાસણી પહેલાં આવી જાય તો ગુડ ફ્રાઇડે ફાગણ સુદ તેરશથી ફાગણ વદ પાંચમ વચ્ચેનાં શુક્રવારે જ આવે છે. પરંતુ જયારે ૨૧મી માર્ચનો દિવસ હુતાસણી પછી આવ ત્યારે ગુડ ફ્રાઇડે ચૈત્ર સુદ તેરશથી ચૈત્ર વદ પાંચમ વચ્ચે આવે છે.

ખગોળશાસ્ત્રીની દૃષ્ટિએ પંચાગ અનુસાર ૧૯ (ઓગણીસ) વર્ષમાંથી પાંચ વર્ષ માસમાં અને ચૌદ વર્ષ એપ્રિલમાં ગુડ ફ્રાઇડે તથા ઇસ્ટર સન્ડે આવે છે. આ ચક્ર સતત ચાલે છે.

આવતા વર્ષે ચૈત્ર માસમાં ગુડ ફ્રાઇડે ૧૮-૪-૨૦૧૪ તથા સન્ડે તા. ૨૦-૪-૨૦૧૪ના દિવસે આવશે.

- ભૂપેન્દ્ર નરસિંહભાઈ ધોળકિયા